ISO 9001
BUREAU VERITAS
Certification

# Tatva Chintan Pharma Chem Limited

(CIN:L24232GJ1996PLC029894)

TATVA CHINTAN

Date: 17 May 2026 Ref. No.: TCPCL/SEC/2026-27/00012

**To,**

**The General Manager,**
**Corporate relationship department,**
**BSE Limited**
Phiroze Jeejeebhoy Towers,
Dalal Street, Fort,
Mumbai-400 001
**Scrip Code: 543321**

**The Manager,**
**Listing department,**
**National Stock Exchange of India Limited**
Exchange Plaza, C-1, Block-G,
Bandra-Kurla Complex, Bandra(E),
Mumbai-400 051
**Scrip Symbol: TATVA**

**Subject: Newspaper Publication of extract of financial results of the Company**

Dear Sir/Madam,

Pursuant to regulation 30 and 47 of the Securities and Exchange Board of India (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, as amended, we are enclosing herewith copies of newspaper publication of extract of financial results of the Company for the quarter and financial year ended 31 March 2026, published in Financial Express (English edition) and Vadodara Samachar (Gujarati edition) on 17 May 2026.

The above information shall be made available on the website of the Company at www.tatvachintan.com.

Kindly take the same on record and disseminate to the public at large.

Thanking you,

Yours faithfully,
**For Tatva Chintan Pharma Chem Limited**

ISHWAR RAMANBHAI NAYI
Digitally signed by ISHWAR RAMANBHAI NAYI
Date: 2026.05.17 12:14:03 +05'30'

**Ishwar Nayi**
**Company Secretary and Compliance Officer**
**M. No.: A37444**

Encl.: As above

**Registered Office and Factory :** Plot No. 502/17, G.I.D.C. Estate, Ankleshwar - 393 002, District : Bharuch, Gujarat, India.
**Dahej SEZ Unit :** Plot No. Z/103/F/1 & 2, SEZ Area, Part-2, Dahej - 392 130, District : Bharuch, Gujarat, India.
**Corporate Office and R & D Center (DSIR Approved) :** Plot No. 353, G.I.D.C., Makarpura, Vadodara - 390 010, Gujarat, India.
**Telephone No. :** +91 75748 48533 / 34 **Fax :** +91 265 263 8533 **E-mail :** cs@tatvachintan.com **Website :** www.tatvachintan.com

# છોટાઉદેપુરના વનાર જામલા રોડ ઉપર ટ્રકના ચાલકે બાઈક્સવારને અડફેટે લેતા એક ઈસમનું મોત



● છોટાઉદેપુર. તા. ૧૬

છોટાઉદેપુરના વનાર જામલા રોડ ઉપર ડોલોમાંઈટ પથ્થર ભરીને પૂરપાટ જતી ટ્રકે બાઈક સવારને અડફેટે લઈ બાઈક ઉપર પાછળ બેસેલા ઈસમના માથા ઉપર ટ્રકનું તોતિંગ વહીલ ચઢાવી દેતા ઘટના સ્થળે મોત થયું હતું અને એક ઈસમને ઈજા થઈ હતી સદર ઈજાગ્રસ્ત ઈસમને સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો આ અકસ્માતમાં

મરણ જનારનું નામ સરનામું સેજયભાઈ ધાણકાભાઈ રાઠવા ઉ.વ. ૨૨ રહે. કાછેલ (કાનાવાંટ) આંબલી ફળીયા તા.જી. છોટાઉદેપુર. (૨) લીલેશ ભીમસીંગભાઈ રાઠવા ઉ.વ. ૨૪ રહે. કાછેલ (કાનાવાંટ) આંબલી ફળીયા તા.જી. છોટાઉદેપુર. અને ઈજા પામનારનું નામ રશ્મિકા કચલાભાઈ રાઠવા રહે. કાનાર્વાટ નિશાળ ફળીયા તા.જી. છોટાઉદેપુરના રહીશ છે

જયારે માતેલા સાંઢની જેમ ટ્રક હંકારી અકસ્માત કરનાર તહોદાર

ટ્રક નંબર જીજે ૦૭ એક્ષ ૮૨૧૫નો ચાલક સમલાભાઈ શનીયાભાઈ રાઠવા રહે. ઝેર ગામ ગમન ફળીયા તા.જી. છોટાઉદેપુરના રહીશછે અકસ્માત ની ઘટના તા.૧૬/૦૫/૨૦૨૬ વનાર જામલા રોડ વસેડી ગામે ગંગા મીનરલ્સ કંપનીની સામે રોડ ઉપર બની હતી

પોલીસ વર્તુળ દ્વારા પ્રાપ્ત માહિતિ મુજબ એક ટ્રક નં. જીજે ૦૭એક્ષ ૮૨૧૫ના ચાલક સમલાભાઈ શનીયાભાઈ રાઠવા રહે. ઝેર ગામ ગમન ફળીયા તા.જી. છોટાઉદેપુરનાઓએ પોતાના કબજાની પથ્થર ભરેલી ટ્રક પુરઝડપે, બેફીકરાઈથી અને ગફલત ભરી રીતે હંકારી લાવી ફરીયાદી ના દિકરા સંજયભાઈ ધાણકાભાઈ રાઠવા ઉ.વ.૨૨ નાઓની હિરો કંપનીની સ્પ્લેન્ડર પ્લસ મોટર સાયકલ રજી. નં. જીજે-૩૪-આર-૭૬૯૬ ને પાછળથી ટકકર મારી એકસીડન્ટ કરી ફરીયાદી.ના દિકરા સંજયભાઈ તથા તેની પાછળ બેસેલ લીલેશભાઈ ભીમસીંગભાઈ રાઠવાનાઓના માથા ઉપર ટ્રકનુ ટાયર ચઢાવી દઈ તેઓને શરીરે ઓછીવત્તી ઈજાઓ કરી તેઓના સ્થળ ઉપર મોત નિપજાવી તથા સાહેદ રશ્મિકાબેન કચલાભાઈ રાઠવાનાઓને શરીરે ઓછીવત્તી ઈજાઓ કરી પોતાની ટ્રક સ્થળ ઉપર મુકી નાસી ગયો હતો છોટાઉદેપુર પોલીસે એ પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૮૪૦૦૨૨૬૦૬૧૨/૨૦૨૬ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી),૧૦૬(૧) તથા એમ.વી.એક્ટ કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ.ગુનો નોંધી આગળની વધુ તપાસ પો.સ.ઈશ્રી એચ.એમ.કાપડીઆ છોટાઉદેપુર પોલીસ સ્ટેશન જી. છોટાઉદેપુર કરી રહ્યાછે

પશ્ચિમ રેલ્વેના વડોદરા ડિવિઝન દ્વારા

# વડોદરા રેલ્વે સ્ટેશન પર ડિજિટલ એક્સેસ બોર્ડ અને બેટરી સંચાલિત કાર્ટ સેવાનું ઉદ્ઘાટન માનનીય સંસદ સભ્ય ડો. હેમાંગ જોશી દ્વારા કરવામાં આવ્યું

પશ્ચિમ રેલ્વેના વડોદરા ડિવિઝન દ્વારા આજે વડોદરા રેલ્વે સ્ટેશન પર ડિજિટલ એક્સેસ બોર્ડ અને બેટરી સંચાલિત કાર્ટ સેવાનું ઉદ્ઘાટન માનનીય સંસદ સભ્ય ડો. હેમાંગ જોશી દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વડોદરા ડિવિઝનના ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી રાજુ ભડકે, વરિષ્ઠ વિભાગીય અધિકારીઓ અને અન્ય મહાનુભાવો હાજર રહ્યા હતા.

માનનીય સંસદ સભ્ય ડૉ. હેમાંગ જોશીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે આજે વડોદરા સ્ટેશન પર મુસાફરો માટે બે મહત્વપૂર્ણ નવી સુવિધાઓનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. ડિજિટલ એક્સેસ બોર્ડ સ્વયં-સ્પષ્ટીકરણકારક છે , જે મુસાફરોને સ્ટેશનમાં પ્રવેશતા જ સ્ટેશનની તમામ સેવાઓ અને સુવિધાઓ વિશે માહિતી પ્રદાન કરે છે. દિવ્યાંગો માટે ઈલેક્ટ્રિક કાર્ટ સેવા ×સારથી× પ્રોજેક્ટ દેશમાં આ પ્રકારની પ્રથમ છે , અને આજે વડોદરા સ્ટેશન પર શરૂ કરવામાં આવી છે. તેમણે આ બે મુસાફરો-મૈત્રીપૂર્ણ પહેલ માટે ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી રાજુ ભડકે અને તેમની ટીમનો આભાર માન્યો. માનનીય સંસદ સભ્યએ આ પ્રસંગે લાઈસન્સ સહાયકો સાથે પણ મુલાકાત કરી અને તેમને જણાવ્યું કે તેમના હિતોનું રક્ષણ કરવું સર્વોપરી છે. તેમણે તેમને શક્ય તમામ સહાય અને સુવિધાઓની ખાતરી આપી.

વડોદરા ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી રાજુ ભડકેએ મીડિયાને સંબોધતા જણાવ્યું હતું કે આધુનિક સ્ટેશન સેવાઓ તરફ વડોદરા ડિવિઝન દ્વારા આ એક મહત્વપૂર્ણ પહેલ છે. સ્ટેશન પર આવતા મુસાફરો સરળતાથી રેલ્વે પ્રોટેક્શન ફોર્સ (RPF) , ટિકિટ બારીઓ અને લિફ્ટ શોધી શકશે . ઈલેક્ટ્રિક કાર્ટ એક મહત્વપૂર્ણ સુવિધા છે ; તેના કોમ્પેક્ટ કદને કારણે , તે લિફ્ટમાં પણ પ્રવેશી શકે છે અને વરિષ્ઠ નાગરિકો અને અપંગ મુસાફરોને તેમની ટ્રેનોમાં અને ત્યાંથી લઈ જવામાં મદદરૂપ થશે.

સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર શ્રી નરેન્દ્ર કુમારે માહિતી આપી હતી કે ડિજિટલ એક્સેસ બોર્ડ સુવિધા કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી ( CSR) પહેલ હેઠળ સ્થાપિત કરવામાં આવી છે અને તેનો ઉદ્દેશ સ્ટેશન પરિસરમાં મુસાફરોની અવરજવરને વધુ સરળ , અનુકૂળ અને તણાવમુક્ત બનાવવાનો છે. વડોદરા સ્ટેશન પર સ્થાપિત ડિજિટલ એક્સેસ બોર્ડ મુસાફરો માટે સ્માર્ટ માહિતી કેન્દ્ર તરીકે કાર્ય કરશે , જે વિવિધ સ્ટેશન સુવિધાઓ , પ્લેટફોર્મ , ટિકિટ કાઉન્ટર , વેઈટિંગ રૂમ , દિવ્યાંગ સુવિધાઓ , પાર્કિંગ , ફૂડ સ્ટોલ , સુરક્ષા સેવાઓ અને અન્ય મહત્વપૂર્ણ સ્થળો વિશે સ્પષ્ટ અને સરળ માહિતી પ્રદાન કરશે. આ બોર્ડ ખાસ કરીને વરિષ્ઠ નાગરિકો , દિવ્યાંગ વ્યક્તિઓ અને પહેલી વાર મુસાફરો માટે ખૂબ જ ઉપયોગી સાબિત થશે .

# ભાવનગરમાં કરોડોનું કૌભાંડ, બાપા સીતારામ ક્રેડિટ સોસાયટી ઓફિસ બંધ, રોકાણકારોમાં રોષ

● ભાવનગર, તા.૧૬

ભાવનગર શહેરમાં બાપા સીતારામ ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટીને લઈને મોટો વિવાદ સામે આવ્યો છે. સોસાયટી પર કરોડો રૂપિયાનું ફુલેકું ફેરવવાના આક્ષેપો થતાં રોકાણકારોમાં ચિંતા અને રોષનો માહોલ જોવા મળી રહ્યો છે.સ્થાનિક લોકો અને એજન્ટો હવે જવાબદારો સામે કાર્યવાહી કરવાની માંગ કરી રહ્યા છે.

માહિતી મુજબ, સોસાયટીની ઓફિસ છેલ્લા એક મહિનાથી વધુ સમયથી બંધ હોવાનું સામે આવ્યું છે.રોકાણકારો અને એજન્ટો પૈસા અંગે પૂછપરછ કરવા પહોંચ્યા ત્યારે ઓફિસ બંધ મળતા શંકા વધુ ગાઢ બની હતી. આક્ષેપો મુજબ, અનેક એજન્ટો મારફતે હજારો લોકો પાસેથી રોકાણ કરાવવામાં આવ્યું હતું. હવે રોકાણકારોને સમયસર રકમ ન મળતા લોકોમાં ચિંતા ફેલાઈ ગઈ છે.કેટલાક એજન્ટોએ પણ પોતે છેતરાયા હોવાનો દાવો કર્યો છે.

સોસાયટી સાથે જોડાયેલા જવાબદાર વ્યક્તિઓનો સંપર્ક ન થતાં ગુસ્સે ભરાયેલા લોકો તેમના નિવાસસ્થાને પહોંચ્યા હતા.ત્યાં પણ તાળા જોવા મળતા લોકોમાં વધુ રોષ ફેલાયો હતો અને સમગ્ર મામલે ભારે ચર્ચા શરૂ થઈ ગઈ હતી.

સ્થાનિક સ્તરે સોસાયટી સામે મોટા આર્થિક ગેરવહીવટ અને કરોડો રૂપિયાના ફુલેકાના આક્ષેપો થઈ રહ્યા છે.હાલ સમગ્ર મામલે સત્તાવાર તપાસ અને જવાબદારો સામે કાનૂની કાર્યવાહી કરવાની માંગ ઉઠી રહી છે.

૩૦થી વધુ ગામોનો તૂટ્યો સંપર્ક!

# મહુવામાં માલણ નદી પરનો ૫૦ વર્ષ જૂનો કોઝવે પુલ ધરાશાયી

● ભાવનગર, તા.૧૬

ભાવનગર જિલ્લાના મહુવામાં માલણ નદી પર આવેલો અંદાજે અડધી સદી જૂનો પુલ રિનોવેશન દરમિયાન એક તરફથી બેસી ગયો. આ પુલ છેલ્લા ઘણા સમયથી બિસ્માર હાલતમાં હતો. ગયા વર્ષે ચોમાસા દરમિયાન આ પુલની પ્રોટેક્શન વોલ ધોવાઈ ગઈ હતી, જેના કારણે તે જોખમી બન્યો હતો. જો તંત્રએ સમયસર જાગીને કામગીરી કરી હોત, તો કદાચ આજે આ સ્થિતિ સર્જાઈ ન હોત.

આ પુલની ઘટના બનતા જ રાત્રિના સમયે મામલતદાર, પોલીસ કાફલો અને વિભાગના અધિકારીઓ દોડી આવ્યા હતા. પુલ ધરાશાયી થતા ૩૦થી વધુ ગામોને જોડતો આ મુખ્ય માર્ગ બંધ થયો છે જેનાથી હજારો ગ્રામજનો મુશ્કેલીમાં મુકાયા છે. આશ્ચર્યની વાત એ છે કે, નવા પુલ માટે સરકારમાં અગાઉ દરખાસ્ત કરવામાં આવી હોવા છતાં તેને મંજૂરી મળી નથી. હાલમાં ૨૨ લાખ રૂપિયાના ખર્ચે માત્ર રિનોવેશનનું કામ ચાલી રહ્યું હતું, તે દરમિયાન જ 'લેન્ડ સ્લાઈડિંગ' જેવી સ્થિતિ સર્જાતા પુલનો એક ભાગ બેસી ગયો. મહુવા સ્ટેટ આર. એન.બી ના અધિકારી દ્વારા જાણકારી આપવામાં આવી કે "ગયા ચોમાસામાં ૩૦ મીટરની દીવાલ અને રેલિંગ તૂટી હતી, જેનું રિનોવેશન કામ ચાલુ હતું. એ દરમિયાન આ બનાવ બન્યો છે. હાલ અમે નજીકમાંથી ડાયવર્ઝન આપવાની કામગીરી શરૂ કરી છે જેથી ગ્રામજનોને હાલાકી ન પડે.

માલણ નદી પરના કોઝવે પુલને લઈ સ્થાનિક લોકોનું કહેવું છે કે સમયસર રીનોવેશન કરવાની જરૂર હતી પરંતુ તંત્ર ભલે હવે ડાયવર્ઝનની વાતો કરતું હોય, પરંતુ સ્થાનિકોની એક જ માંગ છે કે રિનોવેશનના થીગડા મારવાને બદલે સરકાર સત્વરે નવા પુલની દરખાસ્ત મંજૂર કરે, જેથી ભવિષ્યમાં કોઈ મોટી દુર્ઘટના ન સર્જાય ચોમાસાના આડે હવે ખૂબ જ થોડા દિવસો બાકી રહ્યા છે જો સમયસર આ રિનોવેશન કરવામાં નહીં આવે તો સ્થાનિક લોકોને અને વાહન ચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. આ પુલ બંધ થવાના કારણે ઈમરજન્સી સેવાઓ પણ પાંચ કિલોમીટર ફરીને આપવી પડે તેવી પરિસ્થિતિ બની છે.

# છોટાઉદેપુર જિલ્લા કલેકટરશ્રી ગાર્ગી જૈનના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ

## પેટ્રોલ અન ડીઝલના ઉપયોગ ઓછો થાય હેતુથી માટે તાલુકા કક્ષાના અધિકારીઓ વિડીઓ કોન્ફોરન્સથી જોડાયા



● છોટાઉદેપુરઃ તા.૧૬

જિલ્લા કલેકટરશ્રી ગાર્ગી જૈનના અધ્યક્ષસ્થાને છોટાઉદેપુર જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈમોદીના પેટ્રોલ અન ડીઝલના ઉપયોગ પર નિયંત્રણ રાખવા અંગે સરકારી વાહનોનો ઉપયોગ ઓછો થાય માટે તાલુકા કક્ષાના અધિકારીઓ વિડીઓ કોન્ફોરન્સ મારફતે પોતાના તાલુકા મથકેથી વર્ચ્યુઅલ જોડાયા હતા.

આ બેઠકમાં સાંસદ સભ્યશ્રી જશુભાઈ રાઠવા અને ધારાસભ્યશ્રી અભેસિંહ તડવીની ઉપસ્થિતિમાં જિલ્લામાં શાળાઓના ઓરડા, ડોલોમાઈટના કારખાના, રેતીની બ્લોકો, આંગણવાડીઓ, પીએચસી - સીએચસી સેન્ટરો, સહીત જન સુખાકારીની સુવિધાઓની વિવિધ બાબતોને સ્પર્શતા પ્રશ્નો પર ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકમાં જિલ્લા કલેકટરશ્રીએ સંકલન સમિતિના અધિકારીઓને જન પ્રતિનિધિઓના પ્રજાલક્ષી પ્રશ્નો પર ચર્ચા કરી તેનો નિયત સમયમર્યાદામાં ઝડપી હકારાત્મક નિકાલ કરવા જણાવ્યું હતું.

આ બેઠક સાથે કાયદો અને વ્યવસ્થા, એનકોડ, જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સમિતિની બેઠક, છોટાઉદેપુર જિલ્લા તકેદારી સમિતિ, સ્ફ્ઝ્ર ડીસ્ટ્રીક્ટ ઈલેક્ટ્રીસીટી કમિટી, જન ભાગીદારી – સબસે દૂર સબસે પહેલે અભિયાન સહીતની બેઠકો યોજાઈ હતી. જિલ્લા કલેકટરશ્રી દ્વારા તેમની કામગીરીની સમીક્ષા કરી જરૂરી સૂચનો કરવામાં આવ્યા હતા.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી સચિન કુમાર, પ્રાયોજના વહીવટદારશ્રી કલ્પેશકુમાર શર્મા, જિલ્લા પોલીસ અધિક્ષક ઈમ્તિયાઝ શેખ, ઈ.નિવાસી અધિક કલેકટરશ્રી કે ડી ભગત, મદદનીશ કલેક્ટર મુસ્કાન ડાગર, મદદનીશ વન સંરક્ષક ફતેસિંહ મીના સહિતના અમલીકરણ અધિકારીશ્રીઓ હાજર રહ્યા હતા. તાલુકા કક્ષાએથી પ્રાંત અધિકારી, મામલતદારશ્રી, ટીડીઓશ્રી સહીત અન્ય અધિકારીઓ વર્ચ્યુઅલ ઉપસ્થિત રહ્યા હતા.

દેડિયાપાડાના ગુલદાચાંબા ગામે

# પુત્રની હત્યા કરનાર પિતાને પોલીસે ગણતરીના કલાકોમાં દબોચી લીધો



● નર્મદા : તા. ૧૬

નર્મદા જિલ્લાના દેડિયાપાડા તાલુકાના ગુલદાચાંબા ગામ ખાતે પિતા-પુત્ર વચ્ચે થયેલી બોલાચાલી હત્યામાં પરિણમી હતી. જેમાં પુત્રની હત્યા કરનાર પિતા ને પોલીસે ગણતરી ના કલાકો માં પકડી જેલ ભેગો કર્યો છે.

મળતી માહિતી અને પોલીસ ફરિયાદ મુજબ મનિષ મોહનભાઈ વસાવાએ પોતાના પિતા પાસે પાણી અને જમવાનું માંગ્યું હતું. ત્યારે પિતા મોહનભાઈ કહ્યું કે હું ખેતીકામ કરીને થાકી ગયો છું, તારી જાતે જમવાનું લઈ લે, આ દરમિયાન ઉશ્કેરાયેલા પુત્ર મનિષ વસાવાએ પોતાના પિતા મોહનભાઈને બે થપ્પડ મારી દીધી હતી. ઘટનાથી ક્રોધે ભરાયેલા મોહનભાઈએ પોતાના જ પુત્ર મનિષ પર કુહાડીના ઉપરાછાપરી ઘા ઝીંક્યા હતા. ગંભીર રીતે ઘવાયેલા મનિષને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું. ઘટનાની જાણ થતા દેડિયાપાડા પોલીસે આરોપી મોહન ડુંગરિયા વસાવાને ઝડપી પાડી ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વહેલું નિદાન એ જ જીવન બચાવવાની ચાવી

# ગુજરાત કેન્સર ઇન્સ્ટિટ્યૂટમાં બ્રેઇન ટ્યુમરના ૫ વર્ષમાં ૧૩૨૭ કેસ નોંધાયા

● અમદાવાદ, તા.૧૬

બદલાતી જીવનશૈલી અને પર્યાવરણીય પરિબળો વચ્ચે ગંભીર બીમારીઓનું પ્રમાણ વધી રહ્યું છે, જેમાં 'બ્રેઈન ટ્યુમર' અત્યંત સંવેદનશીલ અને ચિંતાજનક રોગ તરીકે ઉભરી આવ્યો છે. મગજમાં થતી અસામાન્ય કોષોની અનિયંત્રિત વૃદ્ધિ કે ગાંઠને બ્રેઈન ટ્યુમર કહેવામાં આવે છે. જો કે, તબીબી વિજ્ઞાનના અદ્યતન સંશોધનો અને અત્યાધુનિક સારવાર પદ્ધતિઓના કારણે હવે બ્રેઈન ટ્યુમર અસાધ્ય રહ્યો નથી. સમયસરની જાગૃતિ અને યોગ્ય સારવાર દ્વારા આ રોગ સામે વિજય મેળવી શકાય છે. ધી ગુજરાતકેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટમાં બ્રેઈન ટ્યુમરના પાંચ વર્ષમાં ૧૩૨૭ કેસો નોંધાયા છે. જ્યારે વિશ્વમાં દર વર્ષે ૩ લાખથી વધુ અને ભારતમાં ૩૨ હજારથી વધુ નવા કેસ નોંધાઇ રહ્યાં છે. બ્રેઈન ટ્યુમર સામે ય્ઝ્રૈંએ 'વર્લ્ડ ક્લાસ' જંગ છેડ્યો છે. વહેલું નિદાન એ જ જીવન બચાવવાની ચાવી હોવાનું જણાય છે. બ્રેઈન ટ્યુમર મુખ્યત્વે બે પ્રકારના હોય છે જેમાં સૌમ્ય અને જીવલેણ . તે તમામ ઉંમરની વ્યક્તિઓને અસર કરી શકે છે. આ કેન્સરના મુખ્ય કારણો જીનેટિક મ્યુટેશન અને વારસાગત કૌટુંબિક ઈતિહાસ, હાઈ-ડોઝ રેડિયેશનનું એક્સપોઝર અને નબળી રોગપ્રતિકારક શક્તિ, ઔદ્યોગિક રસાયણો અને અમુક વિશિષ્ટ વાયરલ ઈન્ફેક્શન છે. અમદાવાદ સ્થિત 'ધી ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ' ખાતે બ્રેઈન ટ્યુમર અને જટિલ ન્યુરોવાસ્ક્યુલર રોગોની સારવાર માટે વિશ્વસ્તરીય અને અત્યાધુનિક સુવિધાઓ એક જ છત નીચે ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ય્ઝ્રૈંના જણાવ્યા અનુસાર, "અમારો ધ્યેય કેન્સરના દર્દીઓને એક જ છત નીચે વૈશ્વિક સ્તરનું ચોક્કસ નિદાન અને સંપૂર્ણ સારવાર પૂરી પાડવાનો છે, જેથી દર્દીઓએ અન્ય કોઈ જગ્યાએ બીજે ક્યાં એ જવું ન પડે." ય્ઝ્રૈં ઈન્ટ્રાઓપરેટિવ ઈમેજિંગ ટેક્નોલોજી દ્વારા વધુ સુરક્ષિત અને ચોકસાઈભરી સારવાર આપે છે, જેમાં સામેલ છે ટ્રેક્ટોગ્રાફી, એક્ઝોસ્કોપ, નેવિગેશન સિસ્ટમ, પોર્ટેબલ સીટી સ્કેન, ઝ્રેંજીછ, અદ્યતન ડિજિટલ માઈક્રોસ્કોપ અને આધુનિક લિનિયર એક્સિલરેટર છે. ઝઅહ્વીદ્ગિહૈકી અને અદ્યતન સુવિધાઓ દ્વારા ખાસ કરીને મગજના સંવેદનશીલ ભાગોમાં આવેલી જટિલ સ્થિતિઓ જેવી કે, નાનાથી મધ્યમ તેમજ મગજમાં ઊંડે આવેલા છફસ , ઈક્ષ્નૈહં ઈીક્ષ્નૈહ છફસ (બોલવા કે ચાલવા સાથે સંબંધિત મગજનો ભાગ), ઝક્રદૃીર્હિજ ઝ્રટ્ઠદૃીહર્ૈદ્બટ્ઠ (સ્ટ્રોબેરી જેવી દેખાતી લોહીની નળીઓની ગાંઠ) અને ઝ્રટ્ઠદૃીહર્ૈદ્બટ્ઠજર્દ્બટ્ઠ ની સફળ સારવાર કરવામાં આવે છે. બ્રેઈન ટ્યુમર ચોક્કસપણે ગંભીર છે, પરંતુ તે અજેય નથી.

# ચાંદખેડા ખીરાકાંડમાં બાળકીના મોતમાં પોસ્ટમોર્ટમમાં નવો ઘટસ્ફોટ

● અમદાવાદ, તા. ૧૬

અમદાવાદના ચાંદખેડામાં મારુતિ પ્લાઝા સોસાયટીમાં રહેતા વિમલ પ્રજાપતિ ધનશ્યામ ડેરીમાંથી ખીરું લાવ્યા હતા. તેમાંથી ઢોસા બનાવી ખાધા બાદ પરિવારની તબિયત લથડી હતી. જેમાં ૩ મહિનાની રાહા અને ૩ વર્ષની મિસ્ટી નામની બાળકીના મોત નિપજ્યાં હતા.આ કેસમાં ૩ વર્ષની બાળકીના પોસ્ટમોર્ટમાં નવી જ વિગતો સામે આવી છે. જેમાં બાળકીના શરીરમાં એસિનેટોબેક્ટર બાઉમની નામનો બેક્ટેરીયા મળી આવ્યો હતો. જેના કારણે શરીરમાં સેપ્ટીક થયું હતું અને શરીરના તમામ અંગોને ઘાતક અસર કરી હતી.

પોસ્ટમોર્ટમ રિપોર્ટના અનુસાર આ ઈન્ફેક્શનને કારણે ફેફસામાં પાણી ભરાઈ જતા શ્વાસ લેવામાં તકલીફ ઊભી થઈ હતી અને અંતે બાળકીનું મોત નીપજ્યું હતું. આ ઘટનાને લઈને સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડૉ.રાકેશ જોશીએ જણાવ્યું હતું કે, આ પ્રકારનો બેક્ટેરિયા ખીરું ખાવાથી શરીરમાં આવી શકે નહી. બાળકીને કોઈ ઈન્ફેક્શન થયું હશે અને તેના કારણે શરીરમાં આ બેક્ટેરિયા જોવા મળ્યા હોય તેવુ બની શકે છે. નોંધનીય છે કે ગત ૭ એપ્રિલના રોજ એફએસએલની હાજરીમાં ત્રણ માસની બાળકી રાહાનો ચાર દિવસે મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો હતો. પરિવારે ૪ એપ્રિલે બાળકીના મોત બાદ મૃતદેહની અંતિમવિધિ કરી હતી.

# ભાજપના ઈશારે પોલીસ તંત્રનો દુરુપયોગ બંધ કરોઃ કોંગ્રેસ

● અમારા પ્રતિનિધિ તરફથી
અમદાવાદ, તા. ૧૬

ગુજરાતમાં એક બાજુ ઈમાનદાર અને ફરજનિષ્ઠ પોલીસ અધિકારીઓ કાર્યરત છે, જ્યારે બીજી બાજુ કેટલાક ભ્રષ્ટ અને ચાપલૂસ અધિકારીઓ સરકારના હાથા બની ભાજપના કાર્યકર તરીકે વર્તી રહ્યા છે. ચૂંટણી પ્રક્રિયા દરમિયાન ઉમેદવારોને ડરાવવા, દબાવવા, ફોર્મ પાછાં ખેંચાવવા દબાણ કરવું, મતદાનને પ્રભાવિત કરવાના પ્રયાસો કરવા અને કોંગ્રેસના ઉમેદવારો તથા કાર્યકરોને પોલીસ-પ્રશાસન મારફતે હેરાન કરવામાં આવેલા અનેક દાખલા સમગ્ર ગુજરાતે જોયા છે. આમ ભાજપના ઈશારે તંત્રનો દુરુપયોગ ઓછો થવો જોઈએ.

અમિત ચાવડાએ જણાવ્યું હતું કે સુરત, દાહોદ, ડભોઈ અને વડોદરા સહિત અનેક વિસ્તારોમાં કોંગ્રેસના ઉમેદવારો પર ખોટા કેસો નોંધાવી ચૂંટણીને પ્રભાવિત કરવાનો પ્રયાસ થયો હતો. વડોદરામાં કોંગ્રેસના ચૂંટાયેલા કોર્પોરેટર શ્રી આશિષ જોશી વિરુદ્ધ મતદાનના માત્ર બે દિવસ પહેલાં કોઈપણ પુરાવા વિના હ્લૈંઇ નોંધાવી દબાણ સર્જવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. એટલું જ નહી છોટાઉદેપુર જિલ્લાના સંખેડા વિસ્તારમાં દારૂ પકડાવાની ઘટનામાં કોંગ્રેસના કોર્પોરેટર ષ જોશીનું નામ રાજકીય દબાણ હેઠળ ખોટી રીતે જોડવામાં આવ્યું હતું. સામાન્ય રીતે આવા કેસોમાં પોલીસ પુરાવા જાહેર કરતી હોય છે, પરંતુ આ કેસમાં એવું કશું થયું નથી. આશિષ જોશીએ ખુદ નાર્કો ટેસ્ટ સહિતની કોઈપણ તપાસ માટે તૈયારી દર્શાવી હોવા છતાં, તેમની ધરપકડ કરી ૧૧૧ની કલમો ઉમેરી સેન્ટ્રલ જેલમાં મોકલવામાં આવ્યા, જ્યારે મૂળ આરોપીને સરળતાથી જામીન મળી ગયા હતા.

તેમણે ભાજપ પર પ્રહાર કરતા જણાવ્યુ હતું કે રાજ્યના મુખ્યમંત્રી, ગૃહમંત્રી, હોમ સેક્રેટરી અને ડીજીપીને પણ કહેવાનું કે, પોલીસ અને પ્રશાસન લોકોની સુરક્ષા માટે છે, ભાજપના રાજકીય હિતો સાધવા માટે નહીં જે અધિકારીઓ કાયદાથી ઉપરવટ જઈને ભ્રષ્ટાચાર અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા છે, તેમની આવકથી અનેકગણી સંપત્તિઓ અને ગેરકાયદેસર વ્યવહારોની તપાસ કરાવવામાં આવશે.

કોંગ્રેસ આ મુદ્દે હાઈકોર્ટથી લઈને સુપ્રીમ કોર્ટ સુધી લડત લડશે અને ખોટા પુરાવા ઊભા કરનાર દરેક વ્યક્તિ સામે કાયદેસરની કાર્યવાહી કરાશે. પોલીસ અને તંત્રથી પીડિત ગુજરાતના લોકોને સાથે રાખીને ન્યાય માટે ગાંધીનગર કૂચ કરવામાં આવશે. તેમજ રાજ્યપાલ સમક્ષ પણ આવા ભ્રષ્ટ અને ફરજવિમુખ અધિકારીઓને ખુલ્લા પાડવામાં આવશે.

# રાજકોટમાં ફૂડ ભેળસેળ મામલે કોર્ટ કડક, સંભારમાં કલર ભેળવનારને ૬ મહિનાની જેલ

● રાજકોટ,તા.૧૬

રાજકોટ શહેર તેની ખાણીપીણી અને સ્વાદ માટે ઓળખાય છે, પરંતુ હવે શહેરમાંથી એક ચોંકાવનારો ભેળસેળનો મામલો સામે આવ્યો છે. મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા વર્ષો પહેલા લેવામાં આવેલા ખાદ્ય સેમ્પલ હવે કોર્ટના ચુકાદા બાદ ફરી ચર્ચામાં આવ્યા છે.અદાલતે ભેળસેળયુક્ત સંભાર અને ચટણી વેચનાર વેપારીઓ સામે કડક વલણ અપનાવ્યું છે.આરોગ્ય વિભાગે વર્ષ ૨૦૧૯ દરમિયાન એક ઢોસા સેન્ટરમાંથી સંભારનો નમૂનો લીધો હતો. લેબોરેટરી પાસમાં તેમાં આરોગ્ય માટે હાનિકારક અને પ્રતિબંધિત કલરનો ઉપયોગ થયેલો સામે આવ્યો હતો. કેસની લાંબી સુનાવણી બાદ કોર્ટે સંચાલકને ૬ મહિનાની સખત કેદ અને ૫૦ હજાર દંડની સજા ફટકારી છે.

# ATMમાં મદદના બહાને વૃદ્ધોના કાર્ડ બદલી રૂપિયા ઉપાડતો રીઢો આરોપી ઝડપાયો




● એજન્સી । ભરૂચ,તા.૧૬

ભરૂચ શહેર અને અંકલેશ્વરમાં SBI બેંકના ATM પર થયેલા ATM સ્વેપિંગના બે ગુનાઓનો ભેદ ઉકેલી ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચે એક રીઢા આરોપીની ધરપકડ કરી છે. આરોપી વૃદ્ધ અને અજાણ લોકોને ATM ચલાવવામાં મદદ કરવાની ઓફર કરી તેમનો PIN જાણી લેતો અને પછી કાર્ડ બદલી ખાતામાંથી રૂપિયા ઉપાડી લેતો હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.

ભરૂચ જિલ્લા પોલીસ વડા અક્ષય રાજ ના માર્ગદર્શન હેઠળ ATM સ્વેપિંગ અને સાયબર પ્રકારના ગુનાઓ સામે ખાસ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. LCB PI એમ.પી. વાળાના માર્ગદર્શન હેઠળ PSI એ.વી. શિયાળિયા અને તેમની ટીમે તપાસ આગળ વધારી હતી.

પોલીસને બાતમી મળી હતી કે અગાઉ અનેક ATM સ્વેપિંગ કેસોમાં ઝડપાયેલ તુષાર અનીલભાઈ કોઠારી ફરી ભરૂચ વિસ્તારમાં સક્રિય બન્યો છે. બાતમીના આધારે LCBની ટીમે ગોદી રોડ વિસ્તારમાં વોચ ગોઠવી આરોપીને ઝડપી પાડી પૂછપરછ હાથ ધરી હતી.

તપાસ દરમિયાન આરોપીએ કબૂલ્યું હતું કે ૬ મેના રોજ ભરૂચના શક્તીનાથ સર્કલ પાસે આવેલા SBI ATM ખાતે એક વૃદ્ધ વ્યક્તિને મદદ કરવાનો વિશ્વાસ આપી ATM કાર્ડ બદલી નાખ્યું હતું. ત્યારબાદ PINના આધારે શ્રવણ ચોકડી વિસ્તારના છ્સ્માંથી અંદાજે ₹40 હજાર ઉપાડી લીધા હતા. એ જ રીતે ૯ મેના રોજ અંકલેશ્વરના ચૌટા નાકા વિસ્તારમાં પણ ATM કાર્ડ સ્વેપ કરી ₹૧૮,૫૦૦ની રકમ ઉપાડી હોવાનું સામે આવ્યું છે.

આરોપીએ પોલીસ સમક્ષ વધુમાં જણાવ્યું હતું કે ઉપાડેલી રકમમાંથી ₹૩૨,૫૦૦ જેટલી રકમ જૂના કેસના સમાધાન માટે વકીલને આપી હતી, જ્યારે બાકીની રકમ ઓનલાઈન જુગારમાં ખર્ચી નાખી હતી.ઝડપાયેલ આરોપી તુષાર અનીલભાઈ કોઠારી (ઉ.વ. ૩૬), રહે. ચરોતર બેંક નજીક, આણંદનો રહેવાસી હોવાનું બહાર આવ્યું છે. પોલીસ તપાસમાં તેની સામે ગુજરાતના વિવિધ જિલ્લાઓ ઉપરાંત મહારાષ્ટ્રમાં પણ ઠગાઈ, ચોરી, ATM સ્વેપિંગ અને IT એક્ટ હેઠળ કુલ ૪૭ જેટલા ગુનાઓ નોંધાયેલા હોવાનું સામે આવ્યું છે.

પોલીસે આરોપી પાસેથી રોકડા રૂપિયા અને મોબાઈલ મળી કુલ ₹૭,૪૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.


## TATVA CHINTAN PHARMA CHEM LIMITED

CIN: L24232GJ1996PLC029894

Registered Office : Plot No. 502 / 17, GIDC Estate, Ankleshwar, Dist. Bharuch, Gujarat - 393 002
Website : www.tatvachintan.com E-mail : cs@tatvachintan.com Tel. No. : +91 75748 48533

**EXTRACT OF CONSOLIDATED STATEMENT OF FINANCIAL RESULTS FOR THE QUARTER AND FINANCIAL YEAR ENDED 31 MARCH 2026**

(Currency: Indian Rupees in Million, except per share data)

| Sr. No. | Particulars | Quarter ended | | | Year ended | |
|---|---|---|---|---|---|---|
| | | 31.03.2026 (Unaudited) | 31.12.2025 (Unaudited) | 31.03.2025 (Unaudited) | 31.03.2026 (Audited) | 31.03.2025 (Audited) |
| 1. | Total income from operations | 1,341.44 | 1,313.34 | 1,078.64 | 5,058.58 | 3,827.14 |
| 2. | Net profit / (loss) for the period (before tax, exceptional and / or extraordinary items) | 165.87 | 176.58 | 20.27 | 570.09 | 75.79 |
| 3. | Net profit / (loss) for the period before tax (after exceptional and / or extraordinary items) | 165.87 | 176.58 | 20.27 | 570.09 | 75.79 |
| 4. | Net profit / (loss) for the period after tax (after exceptional and / or extraordinary items) | 103.21 | 151.65 | 10.30 | 420.54 | 57.13 |
| 5. | Total comprehensive income / (expenses) for the period [comprising profit / (loss) for the period (after tax) and other comprehensive income / (expenses) (after tax)] | 117.23 | 156.48 | 11.71 | 452.74 | 64.20 |
| 6. | Equity share capital | 233.92 | 233.92 | 233.92 | 233.92 | 233.92 |
| 7. | Reserves (excluding revaluation reserve) | - | - | - | 7,583.67 | 7,154.32 |
| 8. | Earnings per share (of Rs. 10/- each) (not annualised) | | | | | |
| | - Basic: | 4.41 | 6.49 | 0.44 | 17.98 | 2.44 |
| | - Diluted: | 4.41 | 6.49 | 0.44 | 17.98 | 2.44 |

**KEY NUMBERS OF STANDALONE STATEMENT OF FINANCIAL RESULTS FOR THE QUARTER AND FINANCIAL YEAR ENDED 31 MARCH 2026**

(Currency: Indian Rupees in Million)

| Sr. No. | Particulars | Quarter ended | | | Year ended | |
|---|---|---|---|---|---|---|
| | | 31.03.2026 (Unaudited) | 31.12.2025 (Unaudited) | 31.03.2025 (Unaudited) | 31.03.2026 (Audited) | 31.03.2025 (Audited) |
| 1. | Total income from operations (Net) | 1,326.65 | 1,385.88 | 1,076.48 | 4,962.96 | 3,664.15 |
| 2. | Net profit / (loss) before tax (before exceptional items) | 149.75 | 187.92 | 15.54 | 531.65 | 4.61 |
| 3. | Net profit / (loss) before tax (after execeptional items) | 149.75 | 187.92 | 15.54 | 531.65 | 4.61 |
| 4. | Net profit / (loss) after tax | 90.23 | 159.84 | 10.95 | 390.82 | 3.27 |
| 5. | Total comprehensive income / (expenses) | 91.66 | 161.54 | 10.38 | 392.56 | 1.10 |

Notes:
a) The Consolidated and Standalone Financial Results for the quarter and financial year ended 31 March 2026, were reviewed by the Audit Committee and approved by the Board of Directors in their respective meetings held on 16 May 2026.
b) The above is an extract of the detailed format of Financial Results for the quarter and financial year ended 31 March 2026, filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, as amended. The full format of Financial Results for the quarter and financial year ended 31 March 2026, are available on the websites of the Stock Exchanges i.e. BSE Limited and National Stock Exchange of India Limited at www.bseindia.com and www.nseindia.com respectively and also on the Company's website at www.tatvachintan.com. The same can be accessed by scanning the QR Code provided below.
c) Figures for the previous periods / year have been reclassified / rearranged / regrouped to conform to classification of current period, wherever necessary.

Place : Vadodara, Gujarat, India.
Date : 16 May 2026

For and on behalf of the Board of Directors of
Tatva Chintan Pharma Chem Limited
Sd/-
Chintan N. Shah
Chairman and Managing Director
DIN: 00183618